અપીલ અરજી નં.૩૪૩ તા.૨૦–૧૦–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન, )
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લાઈટપોલને કલરકામ વર્ષમાં કેટલીવાર કરવામાં આવે છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૩/૨૦૧૧–૧૨

શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લાઈટપોલને કલરકામ વર્ષમાં કેટલીવાર કરવામાં આવે છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/ ૪૨૧૫ તા. ૨૨–૯–૧૧, ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/ ૬૩૧ તા. ૩–૧૦–૧૧,ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આઉટ નં./૧૩૧૩ તા. ૧૭–૧૦–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૨ તા.૩–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન, ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલમાનાં અધુરો જવાબ–બરાબર નથી તેવા મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારી દીઠ આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન /આરટીઆઈ/૭૪૭ તા.૧૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૭૭૪ તા.૧૫–૯–૧૧ થી મુખ્ય અન્વેષક ઓડીટ વિભાગ તથા કાંપાલક ઈજનેર તમામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ.નં.૬૩૦ તા.૧–૧૦–૧૧ થી મુદ્દા નં.૪ અંગે ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી અરજદારને મુદ્દા નં.૧ અને ૩ અંગે આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૩૧ તા.૩–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૫૪૩૯ તા.૧૪–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ , લીબાંયતઝોનની તબદીલ અરજીની નકલ, કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૪૧૭૨ તા.૨૧–૯–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૨૧૫ તા.૨૨–૯–૧૧ થી મુદ્દા નં.૧ અંગે આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી તા.૧૫–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદ્દા નં.૩ અને ૪ અંગે પત્ર નં.ઈ.ઝેડ /આરટીઆઈ/૪૭૫ તા.૧૦–૧૦–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૪૯૪ તા.૧૫–૧૧–૧૧ અને સે.ઝોન/ આરટીઆઈ /આ.નં.૧૫૫૪ તા.૨૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદ્દા નં.૧ અને ૨ અંગે આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૧૩૧૩ તા.૧૭–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૩૩ તા.૧૬–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદ્દા નં.૧ અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૬૪ તા.૩૦–૯–૧૧ ના પત્રની

નકલ, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૩૩ તા.૧૮–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૩૩ તા.૧૮–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે તરફથી તા.૧૫–૧૧–૧૧ ના રોજ પૂરક પત્ર રજૂ કરેલ છે. વિગત જોતાં કોઈ જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ જણાતું નથી.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી લાઈટપોલ અને આઈસીના નાણા બાબતેની મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૭૭૪ તા.૧૫–૯–૧૧ થી મુખ્ય અન્વેષક ઓડીટ વિભાગ તથા કાર્યપાલક ઈજનેર તમામઝોનને અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જેમાં તારીખની વિગત પણ તા.૧૫–૯–૧૧ ની જગ્યાએ તા.૧૫–૯–૧૦ દર્શાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ/ આ.નં.૨૩૩૩ તા.૧૮–૧૧–૧૧ થી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતીની વિગતો જણાવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) લાઈટપોલને કલરકામ વર્ષમાં કેટલીવાર કરવામાં આવે છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી લાઈટપોલને કલરકામ કરવાની બાબતો સ્થળ સ્થિતિ પર આધાર રાખતી હોય પરંતુ સામાન્ય રીતે બે વર્ષમાં એક વાર આવશયકતા મુજબ કલરકામ કરવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી લાઈટ ખાતા ધ્વારા સ્ટ્રીટ લાઈટ પોલને વર્ષમાં એક વાર કલરકામ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ૨૦૦૫ થી ૨૦૧૧ સુધીમાં કુલ ૩ વાર કલરકામ કરવામાં આવેલ છે. સમગ્ર ઝોનમાં નવેસરથી પોલને કલર કરવા અંગેની માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સ્ટ્રીટ લાઈટ પોલને કલર કરવાની બાબતો સ્થળ સ્થિતિની બાબતો પર આધાર રાખતી હોય પરંતુ સામાન્ય રીતે બે વર્ષમાં એકવાર જે તે ઝોન ધ્વારા આવશયકતા મુજબ કલરકામ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સ્ટ્રીટ લાઈટ પોલને સામાન્ય રીતે દર બે વર્ષે એકવાર કલર કરવામાં આવે છે. વધુમાં સામાન્ય સંજોગોમાં સુમપા તરફથી વિવિધ પ્રસંગો , ઉત્સવો તેમજ ઉજવણીઓને લાગુ મુખ્ય રસ્તાઓ ઉપર જરૂરીયાત મુજબ કલર કામ કરાવવામાં આવે છે. મુદ્દા નં.(૨) લીંબાયતઝોનમાં આવેલ ગોપાલનગર સોસા. સર્વે નં.૫૬ ડુંભાલના કોઈ પણ મકાન કપાતમાં જાય છે કે કેમ? તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી લીંબાયત વિભાગના લાઈટ વિભાગને લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. જે અંગે ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) સોસા.ના રસ્તા સુરત મહાનગર સેવા સદનને સોંપવામાં આવે તો આ રસ્તાની જગ્યાનું વળતર સોસા.ને મળે કે કેમ કાયદામાં શું જોગવાઈ કરવામાં આવી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સોસા.ના રસ્તા પર મહાનગર સેવા સદનને સોંપવામાં આવે તો રસ્તાની જગ્યાનું વળતર આપવા બાબતની કોઈ જોગવાઈ રાંદેરઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સોસા. ના રસ્તા સુરત મહાનગપાલિકાને સોંપવામાં આવે તો રસ્તાની જગ્યાનું વળતર ચૂકવવામાં આવતું નથી પરંતુ લોકફાળો લઈ પ્રાથમિક સુવિધા આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) આઈ.સીના નાણા કોણે ભરવા પડે સોસા.ના સંચાલકનો, સોસા.ના સભાસદોને કે મુળ જમીનના માલીકને. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ટીપી સ્કીમ મંજુર થાય તે સમયે ટીપી રેકર્ડમાં જે માલિક હોય તે અથવા જે તે સમયના હિત સંબધ ધરાવનાર વ્યકિતએ ભરવાના થાય તેવું જણાવેલ છે. મુદ્દાનં.(૫) સેન્ટ્રલઝોનમાં ૨૦૦૫ થી ૨૦૧૧ સુધીમાં કેટલીવાર લાઈટપોલને કલરકામ કરવામાં આવ્યા છે અને કયા કયા વિસ્તારમાં હાલમાં કોઈ લાઈટપોલને કલરકામ કરવાના બાકી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનમાં વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૧ સુધીમાં કુલ –૩ વાર કલરકામ કરવામાં આવેલ છે. સમગ્ર ઝોનમાં નવેસરથી પોલને કલર કરવા અંગેની માહિતી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) લીંબાયતઝોનમાં ડોરટુડોરની કામગીરી કેટલા વિસ્તારમાં ચાલે છે હાલમાં કોઈ વિસ્તાર બાકી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોનને પ્રશ્ન સ્પર્શતો હોવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાતી નથી. મુદ્દા નં.(૭) લીંબાયતઝોન અને સેન્ટ્રલઝોનમાં ઓડીટ વિભાગ તરફથી લાઈટપોલ કલરકામના બીલ ૨૦૦૫ થી ૨૦૧૧ સુધીમાં કેટલા મંજુર કરવામાં આવ્યા છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ઓડીટ વિભાગને લાઈટપોલના કલર કામના બીલ મંજુર કરવાની સત્તા નથી. તેમજ સેન્ટ્રલઝોન તરફથી પણ મુદ્દા નં.૨ માં વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૧ માં કુલ ત્રણ વાર કલરકામ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. વધુમાં આ અંગેની અરજી ઓડીટ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૮) લીંબાયતઝોનમાં આવેલી ગાયત્રી સોસા. જે મહાદેવના મંદિરની બાજુમાં આવેલ છે તેની સામે રણછોડનગર આવેલુ છે ત્યાં ત્રણ રસ્તા પડે છે (૧) પર્વત પાટીયા તરફ જતો (૨) ગોડાદરા તરફ જતો (૩) ઝોન ઓફિસ તરફ જતાં ગાયત્રીનગર સોસા.ના ત્રણ મકાનોનો કંપાઉન્ડ બહારની રોડ સાઈડ ઉપર છે તેના કારણે આ જગ્યા ઉપર ઘણીવાર અકસ્માત અને ટ્રાફીક જામ થાય છે તો આ કંપાઉન્ડ કાયદેસર છે કે લાઈનદોરીમાં છે. જો લાઈનદોરીમાં આવતા હોય તો તાકીદે આ કંપાઉન્ડ દુર કરવા જોઈએ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી લીંબાયત વિભાગના લાઈટ વિભાગને લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૨ તથા ૮ અંગે કોઈ તબદીલી થયાનું પૂરક વિગતોમાં જણાવેલ નથી.

જે અંગે અરજદારે રાંદેર,સેન્ટ્રલ અને લીંબાયતઝોન તરફથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારે અધૂરો અને બરાબર નથી તેવા પ્રશ્ન બાબતે આધારસહ રજૂ કરવા પૂરક વિગતો માંગવામાંઆવેલ. જે અંગે અરજદારે સદર પૂરક વિગતોમાં જેમાં અરજદારે મુદ્દા નં.૧ માં જવાબ અલગ અલગ છે. જેમાં કતારગામઝોનમાં વર્ષમાં એક વાર, રાંદેરઝોનમાં બે વર્ષમાં એકવાર, સેન્ટ્રલઝોનમાં ૬ વર્ષમાં ત્રણ વાર જણાવેલ છે તો સાચું શું તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જે તે ઝોનમાં વર્ષમાં થયેલ લાઈટપોલના કલરની કામગીરી બાબતે જે તે ઝોનની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે દરેક ઝોનમાં અલગ અલગ છે જે દરેકના દફતરી રેકર્ડ પ્રમાણે આપવામાં આવેલ છે જેથી અલગ અલગ હોઈ શકે. જેમાં મુદ્દા નં.૧ માં જવાબ મળેલ નથી જે બાબતે વરાછાઝોન અને ઉધનાઝોન તરફથી અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. મુદ્દા નં.૨ ,૬ અને ૮ બાબતે જવાબ મળેલ નથી જે અરજદારની રજૂઆત તેટલા પૂરતી ગ્રાહય રાખવા જોગ છે. જયારે મુદ્દા નં.૩ અને ૪ માં અરજદારે અપીલમાં જવાબ બરાબર નથી તેવું જણાવેલ છે જેમાં અરજદારને સુરત મહાનગરપાલિકાની મુદ્દા નં.૩ અને ૪ ની વરાછાઝોન તરફથી આપેલ માહિતી સંયુકત રીતે લાગુ પડે છે. તેમ છતાં અપીલ તબકકે આધાર રજૂ કરવા જણાવેલ પરંતુ તે બાબતે અરજદાર સફળ રહેલ નથી. મુદ્દા નં.૫ માં અરજદારેઅપીલમાં જવાબ અધૂરી હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે સેન્ટ્રલઝોનમાં ૨૦૦૫ થી ૨૦૧૧ માં કેટલી વાર કલર કરાવવામાં આવ્યો. તેવા પ્રશ્ન બાબતે ત્રણ વાર કલર કામ કરવામાં આવેલ જણાવેલ છે. અને કયા કયા વિસ્તારમાં હાલમાં કોઈ લાઈટ પોલ કલર કરવાની બાકી છે તેવા પ્રશ્ન બાબતે સમગ્ર ઝોનમાં નવેસરથી પોલને કલર કરવા અંગેની માહિતી રેકર્ડ ચકાસણી કરતાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે આથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અધૂરી માહિતી બાબતે અપીલ તબકકે આધાર રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. મુદ્દા નં.૭ બાબતે અરજદારે જવાબ બરાબર નથી તેવું જણાવેલ છે તેવા પ્રશ્ન બાબતે સેન્ટ્રલઝોન અને લીંબાયતઝોનમાં ઓડીટ વિભાગે કેટલા બીલ મંજુર કર્યા તે અંગે જાહેર માહિતી અધિકારીએ ઓડીટ વિભાગને બીલ મંજુર કરવાની સત્તા નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં જવાબ બરાબર નથી તે અંગે અપીલ તબકકે સ્પષ્ટતા કરવામાં અરજદાર સફળ રહેલ નથી. વધુમાં અત્રે એ પણ સૂચક છે કે ઓડીટ વિભાગની કામગીરી બીલ મંજુર કરવાની નહીં પરંતુ બીલને ઓડીટ કરવાની છે. અરજદાર સ્વયં પોતાના પ્રશ્ન બાબતે સ્પષ્ટ નથી. તેમ છતાં મુદ્દા નં.૭ ની માહિતી ઓડીટ થયેલ બીલ અંગેની લીંબાયત અને સેન્ટ્રલઝોનના દફતરે હોવાનું અનુમાનિત છે. અને તેટલા પૂરતી માહિતી અરજદારને આપવી રહે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૮ માં મુદ્દા નં.૨,૬,૭ અને ૮ ની માહિતી પૂરી પડાયેલ નથી જયારે મુદ્દા નં.૧ માં વરાછઝોન અને ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ પૈકીની ઉધનાઝોન અને વરાછાઝોન તરફથી લાઈટપોલના કલર વર્ષમાં કેટલીવાર થયા તેવી માહિતી ઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન, વરાછાઝોન)ને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૭ ની સેન્ટ્રલઝોનના ૨૦૦૫ થી ૨૦૧૧ ના લાઈટપોલ કલરકામ બીલની મંજુરીની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

જયારે મુદ્દા નં.૨,૬,૭ અને ૮ ની ગોપાલનગર સોસાયટીના મકાન કપાત અંગે (૬) લીબાંયતઝોનમાં ડોરટુ ડોરની કામગીરી કેટલા વિસ્તારમાં ચાલે છે. (૭) ૨૦૦૫ થી ૨૦૧૧ દરમ્યાન ઓડીટે મંજુર કરેલ લાઈટપોલ કલર બીલની રકમ. તથા (૮) ગાયત્રીનગર સોસાયટી પાસે લાઈનદોરી અંગેની માહિતી ઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

જયારે ઓડીટ વિભાગને કરેલ તબદીલી અંગે કોઈ નારાજગી હોય તો જાહેર માહિતી અધિકારી ઓડીટના ઉપરી અધિકારી અને મ્યુ. ચીફ ઓડીટરને અપીલ કરવા અરજદાર સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન, ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા